For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### હવે સોસાયટીઓમાં પણ થર્ટી ફર્સ્ટ સેલિબ્રેશનનું આયોજન



નવા વર્ષને આવકારવા શહેરભરમાં થનગનાટ જોવા મળી રહ્યો છે ત્યારે સુરતમાં હવે નવો ટ્રેન્ડ શરુ થયો છે. કેટલીક સોસાયટી અને કોમ્પલેક્સમાં જ થર્ટી ફર્સ્ટની પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# ચાઈનીઝ દોરી સામે હાઈકોર્ટની લાલ આંખ

**પ્રતિબંધિત** ચાઈનીઝ દોરી- તુક્કલ વેચનાર અને વપરાશ કરનાર સામે કડક પગલાં ભરવા હાઇકોર્ટનો આદેશ



અમદાવાદ : ઉતરાયણ નજીક આવી રહી છે તેવામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી અને તુક્કલ જેવી જીવલેણ વસ્તુઓના વેચાણ સંગ્રહ અને વપરાશ કરનાર સામે કડકમાં કડક પગલાં લેવા ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો છે. સાથે જ તમામ જિલ્લાના પોલીસ વડાઓને આ અંગે ડે-ટુ -ડે રિપોર્ટ રજૂ કરવાની પણ તાકીદ કરી છે.

રાજ્યમાં ચાઈનીઝ દોરી અને તુક્કલના પ્રતિબંધ અંગે ગુજરાત હાઈકોર્ટમાં સરકાર દ્વારા સોગંદનામુ રજૂ કરવામાં આવ્યું હતું. આ સોગંદનામાં રાજ્ય સરકાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, તા. 21 નવેમ્બર થી 10 ડિસેમ્બર 2025 દરમિયાન પોલીસ દ્વારા પ્રતિબંધિત વસ્તુઓના ઉત્પાદન વેચાણ સંગ્રહ સંબંધી 59 જેટલા ગુનાઓ દાખલ કરીને, 36.80 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે રાજ્યભરમાંથી 70 થી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

### રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે

# સુરતની ચેસ પ્લેયરને રાષ્ટ્રીય બાળ પુરસ્કાર મળ્યો

7 વર્ષીય વાકા લક્ષ્મી પ્રગ્નિકાએ સર્બિયામાં યોજાયેલીવર્લ્ડ સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ 2025નું ટાઇટલ જિત્યું હતું

**લક્ષ્મી** 4-5 વર્ષની હતી ત્યારથી બધાને ચેસમાં હરાવતી એની પ્રતિભા પારખી અમે પ્રોફેશનલ કોચ પાસે ટ્રેનિંગ અપાવવાનું નક્કી કર્યું: પ્રવીણા-રામાનંદ વાકા

સુરતઃ સુરત અને ગુજરાતને ગૌરવ અપાવનારી ઘટનામાં આજે નવી દિલ્હીમાં આયોજિત રાષ્ટ્રીય



બાળ પુરસ્કાર સમારોહમાં વર્ષ 2025 ના બાળ પુરસ્કાર પૈકીનો એક પુરસ્કાર સુરતની સાત વર્ષની ચેસ ખેલાડી વાકા લક્ષ્મી પ્રગ્નિકાને મળ્યો છે.વાકા લક્ષ્મી પ્રગ્નિકાને શુક્રવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ

...અનુસંધાન પાના 5 પર

#### હવે પછીનો ગોલ વાકા લક્ષ્મી પ્રગ્નિકાને વર્લ્ડ યંગેસ્ટ ચેસ ચેમ્પિયન બનાવવાનો

વાકા લક્ષ્મી પ્રગ્નિકાના કોચ રોહન જુલ્કા કહે છે કે, તેણી રમવામાં ખૂબ શાર્પ છે.સર્બિયામાં 2025 ફિડે વર્લ્ડ સ્કુલ્સ ચેસ ચેમ્પિયનશિપમાં અંડર-7 ગર્લ્સ ટાઈટલ જીત્યું એ મોટી સિદ્ધિ છે,પણ અહીં અટકવાનું નથી,મે એને વિશ્વાસ અપાવ્યો છે કે,તારો અંતિમ ગોલ વર્લ્ડ યંગેસ્ટ ચેસ ચેમ્પિયન બનવાનો હોવો જોઈએ.એ માટેની તમામ કાબેલિયત તારામાં છે.માતા પિતાનો પણ પૂરે પૂરો ટેકો છે.હવે પછીની તૈયારીઓ વધુ સારી ટેકનિક સાથે યંગેસ્ટ ચેસ ચેમ્પિયન બનવાની દિશામાં રહેશે.

### દીવ, દમણ, સેલવાસ અને સાપુતારા હોટ ફેવરિટ

# થર્ટી ફર્સ્ટ માટે ફાર્મ હાઉસ, વિલા લેનારા મળતાં નથી

**કાયદાકીય** ઝંઝટ ટાળવા માલિકો પ્રોપર્ટીઝ ભાડે આપવાનું ટાળી રહ્યા છે

**લોકો** સેફ રીતે હવે ડીજે પાર્ટીઝ, મ્યુઝિકલ ઈવેન્ટ્સ તરફ વળવા લાગ્યા, ધૂમ બુકિંગ

સુરતઃ સુરત શહેરમાં ન્યૂ યર સેલિબ્રેશનને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વર્ષના અંતિમ દિવસોમાં શહેરના વિવિધ વિસ્તારોમાં સેલિબ્રેશનનો માહોલ જામતો જાય છે. રસ્તાઓ, હોટેલ્સ, રેસ્ટોરાં અને ઇવેન્ટ

...અનુસંધાન પાના 5 પર

#### ન્યૂ યર માટે પ્રોપર્ટી ભાડે આપવાનું લોકો હવે ટાળી રહ્યા છે

ન્યૂ યરના બહાને દારૂ અને અન્ય નશીલા પદાર્થોનો વપરાશ વધતો જતા છેલ્લા કેટલાક વર્ષોથી પોલીસ દ્વારા સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ પ્રકારની પ્રવૃત્તિઓને કારણે પ્રોપર્ટી માલિકોને પણ પૂછપરછનો સામનો કરવો પડે છે. પરિણામે અનેક લેન્ડલોર્ડ્સે પોતાની મિલકત ન્યૂ યર માટે ભાડે આપવાનું બંધ કરી દીધું છે. સુરક્ષા અને કાયદાકીય ઝંઝટથી બચવા માટે હવે લોકો પ્રોપર્ટી આપવાનું ટાળી રહ્યા છે.

#### આઉટિંગનો વધતો ટ્રેન્ડ, હિલ સ્ટેશનો અને દરિયા કિનારાઓ તરફ શોખીનોની દોટ

થર્ટી ફર્સ્ટ, ન્યૂ યરની રાત્રે સુરત શહેરની દરેક જગ્યાઓ ઉપર ભારે રશ જોવા મળે છે. નાની રેસ્ટોરન્ટથી લઈને મોટી મોટી હોટેલ્સોમાં હાઉસફૂલનાં પાટીયા લાગી જાય છે, તેથી હવે ઘણાં ખરા લોકો પરિવાર મિત્રો સાથે પોતાનાં વાહનોમાં સુરતની બાહર આઉટિંગ ઉપર જતા થઈ ગયા છે. જેમાં હિલ્સ સ્ટેશન સાપુતારા, દરિયા કિનારાઓમાં દમણ, દેવકા, સેલવાસ, દિવ જેવા સ્થળો ઉપર જવાનું વધુ પસંદ કરી રહ્યાં છે. આ જગ્યાઓ પણ હાલ હોટ ડેસ્ટિનેશનનાં લિસ્ટમાં મોખરે છે.

### દારૂવાળાથી લોકો કંટાળી ગયા છે પણ પોલીસ બેશરમ

# પાલ પોલીસના આશીર્વાદથી ચાલતા અડ્ડા પર જનતા રેડ

**પાલનપોર** ગામમાં મહિલાઓના હલ્લાબોલથી બુટલેગરોમાં ફફડાટ

**કાંખમાં** બાળક લઈને મહિલાઓ દારૂના અડ્ડા પર ત્રાટકી, બુટલેગર પૂછતો રહ્યો પ્રોબ્લેશ શું છે?



સુરત : પાલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા પાલનપોર ગામમાં ચાલતા દારુના અડ્ડાથી મહિલાઓ કંટાળી ગઈ હતી. પોલીસ પર ભરોસો નહીં હોય તેમ મહિલાઓએ જાતે જ અડ્ડા પર રેડ કરી દારૂની પોટલીઓ વેરવિખેર કરી નાંખી હતી. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ પહેલા ભેસ્તાનમાં પણ બે જનતા રેડ થઈ ચૂકી છે. આ સ્થિતિથી ખબર પડે છે કે લોકો દારુના અડ્ડાઓથી કેટલી હદે ત્રાસી ગયા છે પરંતુ પોલીસને જરાપણ શરમ નથી આવતી તે પણ એટલી જ સાચી વાત છે.

પાલનપોર ગામના મહાદેવ ફળિયામાં છેલ્લા ઘણા સમયથી દેશી દારૂનું વેચાણ બેફામ રીતે ચાલી રહ્યું હતું. રહેણાંક વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલતા આ દારૂના અડ્ડાને કારણે મહિલાઓ, યુવતીઓ અને કોલેજ જતી દીકરીઓની સુરક્ષા જોખમમાં મુકાઈ હતી. રાત્રિના સમયે દારૂ પીવા આવતા અસામાજિક તત્ત્વો દ્વારા કરવામાં આવતી હેરાનગતિથી સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. સ્થાનિકો દ્વારા અનેક વખત પાલ પોલીસને લેખિત તથા મૌખિક ફરિયાદો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતાં અંતે મહિલાઓએ જ મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો. જ્યારે મહિલાઓ દારૂનું વેચાણ બંધ કરાવવા માટે અડ્ડા પર ગઈ ત્યારે બૂટલેગરે ઉદ્ધતાઈ દાખવીને 'અહીં દારૂ વેચાય તો તમને શું નડે

...અનુસંધાન પાના 5 પર

### હેલ્મેટ પણ પહેર્યું ન હતું, માથામાં ગંભીર ઈજાથી મોત

# ઓવરસ્પીડ KTM સ્લીપ થતાં બે મિત્રોનાં મોત

**રાતપાળી** નોકરી પતાવી સવારે ચાર મિત્ર પુણાગામમાં ચા પીવા ગયા, ઘરે પરત ફરતા બાઈક બદલી

**વિશ્વકર્મા** BRTS રૂટ પર બાઈક સ્લિપ થઈને ધડાકાભેર ઝાડ સાથે અથડાતાં બંને મિત્રનાં સ્થળ પર જ મોત

સુરતઃ શહેરના પુણાગામ વિસ્તારમાં વિશ્વકર્મા બીઆરટીએસ રૂટ પર આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઓવરસ્પીડ સ્પોર્ટ્સ બાઈક સ્લીપ થઈને ઝાડ સાથે અથડાતા બે યુવાન રત્નકલાકાર

...અનુસંધાન પાના 5 પર



#### ચા પીધા બાદ દિવ્યેશે મિત્ર અમિતનું KTM ચલાવવા લીધું, રોનક પાછળ બેઠો

ચારેય મિત્રએ ચા પીધા બાદ દિવ્યેશે સાથી મિત્ર અમિત ગામીતનું KTM બાઈક ચલાવવા માટે લીધું હતું અને તેની પાછળ રોનક બેઠો હતો. દિવ્યેશ અને રોનક બાઈક પર આગળ જતા હતા અને પાછળ બાઈક પર અમિત અને અન્ય એક મિત્ર

...અનુસંધાન પાના 5 પર

### કૂતરાની વધતી સંખ્યા રોકવા મનપાના એક્શનમાં

# શહેરનાં 854 સ્થળે રખડતાં કૂતરાઓને હવે નો-એન્ટ્રી

**મનપા** તંત્રએ જાહેર તેમજ ખાનગી સ્થળોને આઈડેન્ટીફાય કરી નોડલ અધિકારીઓની નિમણૂક કરી

**કૂતરાઓનાં** પ્રવેશ રોકવા ફેન્સિંગ, બાઉન્ડ્રી વોલ અને ગેટ બનાવાશે

સુરતઃ શહેરમાં કૂતરાઓની વધતી સંખ્યા અને કૂતરાઓ કરડવાની ઘટનાઓ અટકાવવામાં નિષ્ફળ મનપાના તંત્રએ, રખડતાં કૂતરાઓની સમસ્યા બાબતે દાખલ થયેલી પિટિશન અન્વયે સુપ્રીમ કોર્ટના દિશા-નિર્દેશો તેમજ રાજ્ય સરકારના પરિપત્ર મુજબ મહત્વપૂર્ણ પગલાં લીધા છે. મનપા દ્વારા શહેરમાં રખડતાં કૂતરાઓને રાખવા માટે ત્રણ આશ્રયસ્થાન બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. આ સાથે પ્રથમ વખત શહેરમાં રખડતાં કૂતરાઓની ગણતરી કરવા માટે ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે.

મનપા દ્વારા શહેરમાં રખડતાં કૂતરાઓ માટે કુલ 126 ફિડિંગ સ્પોટ બનાવવામાં આવ્યા છે અને તમામ ફિડિંગ સ્પોટનું જીઓ મેપિંગ કરવાની કામગીરી ચાલી રહી છે.

સુપ્રીમ કોર્ટના દિશા-નિર્દેશ મુજબ દરેક રાજ્યએ પોતાની કામગીરીનો રિપોર્ટ રજૂ કરવાનો હોવાથી રાજ્ય સરકાર પણ આ મુદ્દે એલર્ટ છે. સરકારની માર્ગદર્શિકા મુજબ સુરત મનપા હદમાં આવેલી 748 સરકારી-ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ, 87 સરકારી હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, મેડિકલ કોલેજ, 10 સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, 9 બસ સ્ટેન્ડ/ડેપો, રેલવે સ્ટેશન તથા અન્ય જાહેર સ્થળો મળી કુલ 854 સ્થળને આઈડેન્ટિફાઈ કરવામાં આવ્યા છે. આ તમામ સ્થળો માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરી પરિસરને ફેન્સિંગ, બાઉન્ડ્રી વોલ અને ગેટ દ્વારા રખડતાં કૂતરાઓના પ્રવેશથી સુરક્ષિત રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે.

આ ઉપરાંત મનપાના 76 આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં

...અનુસંધાન પાના 5 પર

### બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર અત્યાચાર વધતા

# સુરતના 17,000 વેપારી બાંગ્લાદેશમાં સાડી નહીં મોકલે

**સનાતન** સંસ્કૃતિને લલકારનાર કોઈપણ શક્તિ સામે સુરતનો વેપારી ઝૂકશે નહીં: કૈલાસ હાકીમ

**બાંગ્લાદેશમાં** બળવો થયા પછી સુરતના વેપારીઓનું 100 કરોડનું પેમેન્ટ અટવાયું, વાયા કોલકાતા વર્ષે 1000 કરોડનો વેપાર થતો હતો

સુરતઃ બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર અત્યાચાર વધતા સુરતની 40 જેટલી ટેક્સટાઈલ માર્કેટના 17,000 વેપારીએ કાયમ માટે બાંગ્લાદેશ સાથે વેપાર બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. બોયકોટ બાંગ્લાદેશ અભિયાનમાં મોટી સંખ્યામાં કાપડના વેપારીઓ જોડાયા છે. બાંગ્લાદેશમાં ત્રણ હિન્દુ યુવાનની હત્યાના બનાવ પછી લોકોમાં બાંગ્લાદેશ સામે વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે.

ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડ એન્ડ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા)ના પ્રમુખ કૈલાસ હાકીમે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર વધી રહેલા અત્યાચારો, હત્યાઓ અને અરાજકતાની સ્થિતિને પગલે સુરતના કાપડ ઉદ્યોગમાં વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓની લાગણીને કેન્દ્રમાં રાખી શુક્રવારે ફોસ્ટાએ સત્તાવાર રીતે બાંગ્લાદેશ સાથેના તમામ વ્યાપારી સંબંધો તોડવાની જાહેરાત કરી છે. કૈલાસ હાકીમે કહ્યું હતું કે, જે દેશમાં હિન્દુ સંસ્કૃતિનું અપમાન થતું હોય તેની સાથે કોઈપણ પ્રકારનો વેપાર કરવામાં આવશે નહીં. ભારતીયતા અને સનાતન સંસ્કૃતિને લલકારનાર કોઈપણ શક્તિ સામે સુરતનો વેપારી ઝૂકશે નહીં અને આર્થિક નુકસાન વેઠીને પણ વેપાર બંધ રાખશે.

બાંગ્લાદેશમાં બળવો થયા પછી સુરતના વેપારીઓનું 100 કરોડનું પેમેન્ટ અટવાયું છે. સુરતના કાપડના વેપારીઓ ગ્રે કાપડ, સાડી, ડ્રેસ મટિરિયલ વાયા કોલકાતા બોર્ડરથી મોકલતા હતા. ત્યાં બળવો થયો એ અગાઉ વર્ષે 1000 કરોડનો વેપાર થતો હતો.

વર્તમાન પરિસ્થિતિ એટલી ગંભીર

...અનુસંધાન પાના 5 પર

#### સુરતના કાપડ પર નિર્ભર બાંગ્લાદેશના ગારમેન્ટ ઉદ્યોગને મોટી અસર થવાની શક્યતા

સુરતના કાપડના વેપારીઓ કહે છે કે, બાંગ્લાદેશના વેપારીઓને ચીન કરતાં સસ્તું કાપડ સુરતથી મોકલવામાં આવતું હતું. હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત ન થાય અને અત્યાચારો બંધ ન થાય, ત્યાં સુધી કોઈએ પણ નવા ઓર્ડર લેવા નહીં કે માલની સપ્લાય કરવી નહીં. આ નિર્ણયને કારણે બાંગ્લાદેશના ગારમેન્ટ ઉદ્યોગને મોટી અસર થવાની શક્યતા છે, કારણ કે આ મામલે તેઓ સુરતના કાપડ પર નિર્ભર છે. ઉપરાંત પ્રિન્ટેડ અને ડાઈડ ગારમેન્ટ ફેબ્રિકની બાંગ્લાદેશમાં નિકાસ કરવામાં આવે છે. બાંગ્લાદેશનો ટેક્સટાઇલ ઉદ્યોગ કાચા માલ અને ફિનિશ્ડ ફેબ્રિક માટે મોટા ભાગે સુરત પર આધાર રાખે છે. સુરતથી મોટા પાયે પ્રિન્ટેડ અને ડાઈડ ગારમેન્ટ ફેબ્રિકની નિકાસ થાય છે. સુરતના વેપારીઓ બાંગ્લાદેશની સરકાર અને ત્યાંના કટ્ટરપંથી તત્ત્વોને પર આ એક પ્રકારનો આર્થિક ફટકો મારી સબક શીખવવા માંગે છે.


અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |


| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦




સત્ કૈવલ સાહેબ
ભાવભીની શ્રદ્ધાંજલિ


સ્વ. ડાહીબેન નાનુભાઈ ઉમરીગર
સ્વ. તા. ૨૧/૧૨/૨૦૨૫ (ઉમરા, સુરત-૭)
જીવન નશ્વર છે આત્મા અમર છે, કોણ કયારે વિદાય લેશે એ કહેવું મુશ્કેલ છે, વિતેલી પળો યાદ આવતા રોવું પડે છે, જે અમૂલ્ય હોય એને જ ખોવું પડે છે, વાસ્તવિકતા અને કલ્પના ભલે વિરૂધ્ધ હોય, તોયે પ્રભુ ઈચ્છા આગળ ઝુંકવું જ પડે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
શાંતિલાલ પિતાંબર ઉમરીગર | સ્વ. અ.સૌ. પુષ્પાબેન શાંતિલાલ ઉમરીગર
વિરેન શાંતિલાલ ઉમરીગર (USA) | પારુલ વિરેન ઉમરીગર (USA)
રાજવી વિરેન ઉમરીગર (USA) | સ્નેહલ વિરેન ઉમરીગર (USA)



પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ


સ્વ. હેમંતભાઈ બાલુભાઈ પટેલ
સ્વ. તા. ૨૭/૧૨/૨૦૨૪
ઉપપ્રમુખ શ્રી કામરેજ સુગર ફેક્ટરી, નવી પારડી, (મુ.પો. શેરડી તા. ઓલપાડ)
પપ્પા તમે હોત તો અમારી સાથે આપણો પરિવાર પૂર્ણ હોત, પપ્પા તમે હોત તો અમારું તમારા વગરનું જીવન પણ પૂર્ણ હોત..
પપ્પા અમારી સવાર તો દરરોજ પડે છે, પપ્પા અમારી દરરોજની સવારમાં કમી તમારી દેખાય છે..
પપ્પા અમારા મિત્રના ફોનમાં પપ્પા લખેલો ફોન આવે છે, ત્યારે પપ્પા તમારી કમી ઘણી મહેસુસ થાય છે...
સાંજ ઢળી ગઈ હોય તમારો આવવાનો સમય થઈ ગયો હોય, ત્યારે દરવાજે ઉભો હોવ ત્યારે તમારી કમી મહેસુસ થાય છે....
પપ્પા તમારું નામ લેતાં આ આંખો તો એકદમ છલકાઇ જાય છે, એક સમય હતો જ્યારે કરતાં અનેક વાતો, પપ્પા આજે વાત કરવા પણ તરસી જવાય છે...
પપ્પા તમારા ગુસ્સાની, તમારી શિખામણની અમને ઘણી જરૂર છે, બધાંને પપ્પા સાથે જોઈને અમને તમારી યાદ આવી જાય છે...
We Really Miss You Papa..
પિતા એ હસ્તી હોય છે સાહેબ જેના પગરખાથી પણ દીકરીને પ્રેમ હોય છે..!!
લિ.
એશા ભાવિન પ્રજાપતિ | ક્રિષ્ના નયનભાઈ પટેલ
તર્જના હેમંતભાઈ પટેલ | રૂચિતા (રીમ્પુ) મહેન્દ્રભાઈ પટેલ
દર્શન ચંદ્રકાન્તભાઈ પટેલ | જય ચંદ્રકાન્તભાઈ પટેલ
સ્વસ્તિક નયનભાઈ પટેલ | સંકેત મહેન્દ્રભાઈ પટેલ





૧૧મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ
સ્વ. હરીભાઈ કેવળભાઈ પટેલ (નિવૃત્ત મામલતદાર)
સ્વ.તા. ૨૭/૧૨/૨૦૧૪
હે પુણ્યાત્મા શ્રધ્ધા-સ્નેહનાં પુષ્પથી અમારા વંદન, સ્નેહાળરૂપે છત્રછાયા બની સદૈવ વાત્સલ્ય અમી વર્ષા વરસાવતા આપના યશસ્વી જીવનની સ્નેહસ્મૃતિઓ, સુસ્મરણો અમારી મહામૂલી મૂડી છે, પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
અતુલભાઈ હરિભાઈ પટેલ (પુત્ર) | અર્ચનાબેન અતુલ પટેલ (પુત્રવધુ)
એડવોકેટ એન્ડ નોટરી | નયનાબેન એચ. પટેલ (પુત્રી)
હંસાબેન અરવિંદભાઈ પટેલ (પુત્રી) | દક્ષાબેન રાકેશભાઈ પટેલ (પુત્રી)
મિષ્ટી, માર્ગી, (પ્રપૌત્રી) તથા સમસ્ત પટેલ પરિવાર





ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
સ્વ. નવનીતભાઈ ગોંસાઈભાઈ પટેલ
સ્વ.તાઃ ૨૭/૧૨/૨૦૨૧
તમારું જીવન અમારી પ્રેરણા હતી, તમારા આદર્શ અમારા માર્ગદર્શક હતા, અમે તમારું સાદું જીવન, દયાળુ સ્વભાવ અને લાગણીશીલતાને કયારેય ભૂલીશું નહીં, ભગવાન તમારા પવિત્ર આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
લિ.
સ્વ.ભાનુબેન નવનીતભાઈ પટેલ (પત્ની)
ભાવિનભાઈ નવનીતભાઈ પટેલ (પુત્ર)
નૈનિષાબેન ભાવિનભાઈ પટેલ(પુત્રવધુ)
કૌશિકભાઈ નવનીતભાઈ પટેલ (પુત્ર)
પાયલબેન કૌશિકભાઈ પટેલ(પુત્રવધુ)
અંકિતભાઈ નવનીતભાઈ પટેલ (પુત્ર)
સલોનીબેન અંકિતભાઈ પટેલ(પુત્રવધુ)
આરવ, આર્યા, પંથ, રિયાંશી, ક્રિશિવ, પાશ્રી તથા સમસ્ત પરિવાર
સ્થળઃ કરિશ્મા સ્ટ્રીટ, મગદલ્લા, સુરત.



બારમી પુણ્યતિથિએ
હાર્દિક શ્રદ્ધાંજલિ





સ્વ. કાન્તિલાલ ગીરધરલાલ પટેલ
સ્વ. તા. ૨૭.૧૨.૨૦13
"પ્રેમ અને કર્મથી સહુના મન જીતી લીધા"
"છાને ખુણે રડી લઈશું આવશે તમારી યાદ"
"જ્યાં કુદરત અમારી રૂઠેં છે, ત્યાં કોને કરવી ફરીયાદ"
"મન હજુ માનતું નથી કે તમેં અમારી વચ્ચે નથી હયાત"
"પ્રભુ તમારી આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના"
તમારા સંસ્મરણો અમારી સાથે જ છે
ગં.સ્વ. ચંચળબેન કાન્તિલાલ પટેલ
કલ્પેશ કાન્તિલાલ પટેલ
કાજલ કલ્પેશભાઈ પટેલ
બીનાબેન, મનિષાબેન, ભાવિનીબેન
અક્ષીલ કલ્પેશ પટેલ
મીથીલ કલ્પેશ પટેલ